# પેટ્રોલ-ડિઝલના ભાવમાં પુનઃ ઘટાડો

## ડિઝલનો ભાવ અમદાવાદમાં ઘટીને હવે ૫૨.૪૩ અને પેટ્રોલનો ભાવ ઘટીને ૬૨.૨૩ થયો : ગુજરાતમાં પેટ્રોલમાં ૯૦ પૈસા અને ડિઝલમાં ૧.૪૦નો ઘટાડો




નવીદિલ્હી, તા. ૧૫

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ફરી એકવાર ઘટાડો કરવામાં આવતા સામાન્ય લોકોને તીવ્ર મોંઘવારીમાં રાહત મળી છે. આ મહિનાની અંદર બીજી વખત રેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં કરવામાં આવેલો ઘટાડો તાત્કાલિક ધોરણે અમલી બન્યો છે. ગુજરાતમાં વેટ હોવાથી આ ઘટાડો વધારે રહેશે. ગુજરાતમાં પેટ્રોલની કિંમતમાં વેટને જોવામાં આવશે તો ૯૦ પૈસાનો ઘટાડો પેટ્રોલમાં થશે જ્યારે ડિઝલની કિંમતમાં ઘટાડો ૧.૪૦ પૈસાનો રહેશે. એટલે કે અમદાવાદમાં પેટ્રોલનો નવો ભાવ વેટ સાથે હવે ઘટીને ૬૨.૨૩ થઈ ગયો છે જ્યારે ડિઝલનો ભાવ અમદાવાદમાં ઘટીને ૫૨.૪૩ થઈ ગયો છે અને ભાવ ઘટાડો તાત્કાલિક અમલી બનાવાયો છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ગુરુવારથી ૫૯.૨૦ રૂપિયા રહેશે જે હાલમાં ૬૦ રૂપિયા છે જ્યારે ડિઝલની કિંમત હાલમાં ૪૮.૫૦ સામે ૪૭.૨૦ રૂપિયા રહેશે. દેશની સૌથી મોટી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. સુધારવામાં આવેલા દરને લઈને લોકોને મોટી રાહત મળી ગઈ છે. સુધારવામાં આવેલા રેટ બાદ આવનાર દિવસોમાં પણ ફેરફાર થવાની શક્યતા છે. છેલ્લી કિંમતમાં ફેરફાર બાદથી પેટ્રોલ અને ડિઝલની આંતરરાષ્ટ્રીય કિંમતમાં પ્રવાહ બદલાઈ રહ્યો છે. આઈઓસીએ એક નિવેદનમાં કહ્યું છે કે, કિંમતમાં ઘટાડો થવા માટે અન્ય પરિબળો પણ જવાબદાર છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં કિંમતોમાં વધારો કરવાના બે રાઉન્ડ યોજાયા બાદ હવે ઘટાડો કરાયો છે. ઓગસ્ટ ૨૦૧૪ બાદથી પેટ્રોલની કિંમતમાં ૧૦ વખત કાપ મુકવામાં આવ્યો હતો. જ્યારે ઓક્ટોબર ૨૦૧૪ બાદથી છ વખત ડિઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. આવી જ રીતે એકંદરે પેટ્રોલની કિંમતમાં ઓગસ્ટ બાદથી ૧૦ વખત ઘટાડામાં પેટ્રોલની કિંમત કુલ લીટરદીઠ ૧૧.૧૭ ઘટી હતી જ્યારે ઓક્ટોબરમાં અંકુશમુક્ત કરવામાં આવ્યા બાદથી ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૧૨.૯૬નો ઘટાડો કરવામાં આવ્યો હતો. ફ્યુઅલ રિટેલર્સ આઈઓસી, ભારત પેટ્રોલિયમ, હિન્દુસ્તાન પેટ્રોલિયમમાં સરેરાશ આયાત ખર્ચ અને ડોલર-રૂપિયાની સરેરાશ કિંમતના આધાર પર દર મહિને પહેલી અને ૧૬મીએ પેટ્રોલની કિંમતમાં ફેરફાર કરવામાં આવે છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આંતરરાષ્ટ્રીય કિંમતના આધાર પર ફેરફાર કરવામાં આવી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ફેરફારને લઈને ચર્ચાઓ રહી છે. સુધારવામાં આવેલા દર તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યા છે.

## શેરબજારમાં ફરીથી મંદી : ૨૪૫ પોઈન્ટનો થયેલો નોંધપાત્ર ઘટાડો

મુંબઈ,તા. ૧૫

બેંચમાર્ક શેર બજારમાં આજે કારોબારના અંતે મંદીનું મોજુ રહ્યું હતું. અગાઉના સેશનમાં પાંચ સપ્તાહની ઉંચી સપાટીને સ્પર્શ કરી દીધા બાદ સેંસેક્સ અને નિફ્ટી બંને ઘટાડા સાથે બંધ રહ્યા હતા. સેંસેક્સ ૨૪૫ પોઈન્ટના ઘટાડા સાથે બંધ રહેતા તેની સપાટી ૨૮૭૯૯ નોંધાઈ હતી. જ્યારે નિફ્ટી ૮૪ પોઈન્ટ ઘટીને ૭૮૫૦ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૫ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. ફ્રન્ટલાઈનર કરતા સારી સ્થિતિ જોવા મળી હતી. માર્કેટ બ્રીડ્‌થ નકારાત્મક રહી હતી. ૧૪૮૮ શેરમાં મંદી નોંધાઈ હતી જ્યારે ૧૩૭૪ શેરમાં તેજી રહી હતી. નાણા રાજ્યમંત્રી જયંત સિંહાએ આજે કહ્યું હતું કે, અર્થતંત્રની સ્થિતિ વધુ મજબૂતરીતે દેખાય તે માટે રૂપિયાના સંપૂર્ણ રૂપાંતરણ પાત્ર બનાવવાની તેઓએ તરફેણ કરી હતી. આજે ૧૨ સેક્ટરલ ઈન્ડેક્સ પૈકીના ૧૦માં મંદી રહી હતી. બીએસઈ ઓટો અને હેલ્થકેર ઈન્ડેક્સમાં ૧.૫ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. આઈટી અને કેપિટલ ગુડ્‌ઝમાં એક એક ટકાનો ઘટાડો રહ્યો હતો. આઈટીસીમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો હતો. તેમાં ૧.૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જેપી મોર્ગને આઈટીસી માટે ટાર્ગેટ કિંમત ઘટાડી દીધી છે. આઈસીઆઈસીઆઈ બેંકમાં ૦.૮ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે એસબીઆઈમાં ૧.૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. આઈસીઆઈસીઆઈ બેંકે ગઈકાલે હોમ લોનના રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. મેટલના ક્ષેત્રમાં સેસા સ્ટરલાઈટમાં ૨.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. હિન્ડાલ્કો, તાતા સ્ટીલમાં ૦.૩-૨ ટકાનો ક્રમશઃ ઘટાડો રહ્યો હતો. મોટાભાગના એશિયન બજારમાં આજે મંદી રહી હતી. ચીનના ગ્રોથ આંકડા નિરાશાજનક દેખાઈ રહ્યા છે. ગ્રોથ રિટેલ અને ઔદ્યોગિક ઉત્પાદન બંને મોરચે પ્રથમ ત્રિમાસિક ગાળામાં સાત ટકાની છ વર્ષની ઉંચી સપાટીએ રહેતા વિશ્વના બીજા સૌથી મોટા અર્થતંત્ર ચીનમાં ખળભળાટ મચી ગયો છે. અગાઉ શેરબજારમાં આજે સવારે તેજી સાથે કારોબારની શરૂઆત થઈ હતી. શરૂઆતી કારોબારમાં સેન્સેક્સમાં ૫૦ પોઈન્ટનો ઉછાળો રહેતા કારોબારીઓ ખુશ દેખાયા હતા. પરંતુ કારોબારના અંતે મંદી રહી હતી. માર્ચ મહિનામાં રીટેલ ફુગાવો ત્રણ મહિનાની નીચી સપાટી પર પહોંચી જતા તેની સીધી અસર જોવા મળી હતી. ફોરેન કેપિટલ પ્રવાહમાં પણ સારી સ્થિતી રહી છે. કારોબારની શરૂઆત થયા બાદ સેન્સેક્સ ૫૦ પોઈન્ટ ઉછળીને ૨૯૦૯૪ની સપાટીએ રહ્યો હતો. આવી જ રીતે નિફ્ટી ૧૧ પોઈન્ટનો સુધારો રહ્યો હતો. જોકે બંનેમાં અંતે ઘટાડો રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે રજાના એક દિવસ પહેલા એટલે કે શેરબજારમાં તેજીનુ મોજુ ફરી વળ્યું હતુ. કારોબારના અંતે સોમવારે સેન્સેક્સ ૧૬૫ પોઈન્ટ ઉછળીને ૨૯૦૪૪ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૪ પોઈન્ટ સુધરીને ૮૮૩૪ની સપાટી પર રહ્યો હતો.

## કોંગ્રેસના નારાયણ રાણેની ફરીવખત કારમી હાર થઈ

નવી દિલ્હી,તા. ૧૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા નારાયણ રાણેને આજે વધુ એક રાજકીય પીછેહઠનો સામનો કરવો પડ્યો હતો. કારણ કે, પૂર્વ શિવસેના ધારાસભ્ય પ્રકાશ સાવંતના વિધવા સામે તેમની પેટાચૂંટણીમાં હાર થઈ હતી. ૧૯૦૦૦ના અંતરથી નારાયણ રાણેની હાર થતાં તંગદિલી પણ ફેલાઈ ગઈ હતી. સાવંતે સેનાના ગઢગણાતા બાંદરા ઈમાં નેતૃત્વ કર્યું હતું. જ્યાં માતોશ્રી સ્થિત છે. નારાયણ રાણેની આ સતત બીજી હાર છે. કંકાવલીમાં તેમના હોમગ્રાઉન્ડમાં વૈભવ નાયક સામે



અગાઉ તેમની હાર થઈ હતી. રાણેને શિવસેનાના તૃપ્તિ સાવંત સામે ખુબ ઓછા મત મળ્યા હતા. રાણેને ૩૩૭૦૩ મત મળ્યા હતા જ્યારે તૃપ્તિને ૫૨૭૧૧ મત મળ્યા હતા. એમઆઈએમના ઉમેદવાર ત્રીજા સ્થાને રહ્યા હતા. તેમને ૧૫૦૫૦ મત મળ્યા હતા. સાવંતની જીતથી શિવસેનાને મોટી રાહત મળી છે. નવી મુંબઈ, ઔરંગાબાદમાં સુધારઈ ચુંટણી યોજાનાર છે. ત્યારબાદ મુંબઈમાં અને થાણેમાં પણ સુધરાઈ ચુંટણી યોજાનાર છે. તાસગાંવમાં આરઆર પાટીલના વિધવા એક લાખના મત અંતરથી જીતી ગયા હતા. તેઓએ ભાજપના બળવાખોર ઉમેદવાર સામે જીત મેળવી હતી. રાણેની રાજકીય પ્રવૃત્તિ હવે નબળી દેખાઈ રહી છે. કોંગ્રેસની હાલત વધુને વધુ કફોડી થઈ રહી છે. પેટાચૂંટણીના પરિણામો આજે જાહેર કરાયા હતા. પંજાબમાં આ પેટાચૂંટણીના પરિણામ જાહેર કરાયા હતા. અકાળી દળે કોંગ્રેસ પાસેથી ધુરી વિધાનસભા બેઠક આંચકી લીધી હતી. અકાળી દળના ઉમેદવાર ગોવિંદસિંહ લોંગોવાલે કોંગ્રેસના ઉમેદવાર સીમર પ્રતાપસિંહને હાર આપી હતી. ૧૧મી એપ્રિલના દિવસે ધુરી બેઠક માટે પેટાચૂંટણી યોજાઈ હતી. અગાઉ અકાળી દળે મોગા અને તલવંડી બેઠકમાં પેટાચૂંટણીમાં જીત મેળવી હતી. કોંગ્રેસે પટિયાલા સીટ જાળવી રાખી છે. લોંગોવાલે સિંહ ઉપર ૩૭૫૦૧ મતે જીત મેળવી હતી. લોંગોવાલ અગાઉ પંજાબ વિધાનસભા માટે ચૂંટાતા રહ્યા છે.

## સુભાષચંદ્ર બોઝના સંદર્ભે પેનલની રચના કરાઈ

નવીદિલ્હી,તા. ૧૫

મહાન સ્વતંત્રતા સૈનાની સુભાષચન્દ્ર બોઝના પપૌત્ર સૂર્યા બોઝે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે



વાતચીત કર્યાના એક દિવસ બાદ જ કેન્દ્ર સરકારે આજે કેબિનેટ સેક્રેટરીના નેતૃત્વમાં આંતર પ્રધાન સ્તરની કમિટિની રચના કરી હતી જે નેતાજી સુભાષચંદ્ર બોઝના મૃત્યુ અથવા તો લાપત્તા થવા સાથે સંબંધિત ડીક્લાસિફાઈડ ફાઈલોની માંગના સંદર્ભમાં ઓફિસિયલ સિક્રેટએક્ટની સમીક્ષા કરશે. આ પેનલમાં રો, આઈબી, કેન્દ્રીય ગૃહમંત્રાલય અને પીએમઓના અધિકારીઓ રહેશે. બર્લિનમાં સગા સંબંધીઓની જાસુસીને લઈને વડાપ્રધાન નરેન્દ્ર સાથે ગઈકાલે મોડી રાત્રે સુભાષચંદ્ર બોઝના પપૌત્ર સુર્યા બોઝે વિસ્તૃત વાતચીત કરી હતી. નેતાજીની તમામ ગુપ્ત ફાઈલ અને અન્ય પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. નેતાજીના નજીકના સંબંધીઓની જાસુસી કરવામાં આવી હતી તેવા અહેવાલ બાદ સમગ્ર મામલો ગરમી પકડી ચુક્યો છે. મોદી સાથે બેઠક કર્યા બાદ સુર્યાએ કહ્યું હતું કે મોદી સાથે જાસુસી અને ફાઈલોના ડિક્લાસીફિકેશનના મુદ્દા પર ચર્ચા થઈ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે મોદીએ આ મામલે ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની ખાતરી આપી છે. ગંભીરતાપૂર્વક ધ્યાન આપીને નિર્ણય લેવાની ખાતરી આપવામાં આવી છે. સુભાષચંદ્ર બોઝના પરિવારના સભ્યોએ પેનલની રચના કરવામાં આવ્યા બાદ આજે ખુશી વ્યક્ત કરી હતી. મોદીની પ્રશંસા પણ કરવામાં આવી છે. દસ્તાવેજોને ડીક્લાસિફાઈડ કરી શકાય છે કે કેમ તે અંગે નિર્ણય લેવા આ સમિતિ રચાઈ છે. આ પેનલ દ્વારા માહિતીમાં ચકાસણી કરાશે. સાથે સાથે દસ્તાવેજો જાહેર કરી શકાય છે કે કેમ તે અંગે નિર્ણય લેશે. મોદીની પ્રતિક્રિયા અંગે વાત કરતા ગઈકાલે નેતાજીના પપૌત્ર સુર્યા બોઝે કહ્યુ હતુ કે મોદીએ ઈમાનદારીપૂર્વકનો જવાબ આપ્યો છે. તેમણે કહ્યું હતું કે તેઓ ફાઈલોને ખોલવા માટેના પ્રયાસો કરશે. જર્મનીમાં ભારતના રાજદુત વિજય ગોખલે દ્વારા આયોજિત વડાપ્રધાનના સન્માનમાં કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ સુર્યા બોઝ મોદીને મળ્યા હતા.

## રેલવે છુટછાટ મેળવવા હવે દર્દીઓને કાર્ડ મળશે


નવી દિલ્હી, તા. ૧૫

છુટછાટની ટિકિટોના દુરુપયોગના મામલામાં વ્યાપક ફરિયાદો મળ્યા બાદ હવે રેલવેએ મહેસુલી નુકસાનને રોકવાના ઈરાદાથી ઓળખપત્ર દર્દીઓને આપવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત અન્ય પગલા લેવાનો પણ નિર્ણય કરાયો છે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, દર્દીઓને મળતી રાહત સુવિધાઓના દુરુપયોગને કેટલાક મામલા સપાટી ઉપર આવ્યા છે. આનાથી રેલવેથી મહેસુલી આવકને નહીં બલ્કે વાસ્તવિક યાત્રીને પણ નુકસાન થઈ રહ્યું છે. દર્દીઓને મળતી રાહતને બોગસરીતે તબીબના પ્રમાણપત્ર દર્શાવીને મેળવી લેવામાં આવે છે. હવે રેલવે ખાસ ઓળખપત્ર જારી કરતા પહેલા તબીબના નામ તેના રજિસ્ટ્રેશન નંબર અને અન્ય જરૂરી માહિતીની ખાતરી કરશે. આ ખાતરી કરવાની પ્રક્રિયાને વધારે મજબૂત કરવામાં આવશે. છુટછાટની સુવિધાઓને રોકવાના હેતુસર પગલા લેવામાં આવી રહ્યા છે. ઓળખ પત્રમાં એક નંબર આપવામાં આવશે જેનો ઉપયોગ ઈ-ટિકિટની બુકિંગ માટે પણ કરી શકાશે. દર્દીઓને જુદી જુદી પ્રકારની રાહતો આપવામાં આવે છે. રેલવે ચોક્કસ પ્રકારની બિમારી ધરાવતા લોકોને રેલવે યાત્રામાં રાહતો આપે છે. જેમ કે કેન્સરના દર્દીઓને એકલા અથવા સાથીની સાથે નિશ્ચિત સમય ઉપર ચેકઅપ કરાવવા માટે સ્લીપર અને એસી-૩માં યાત્રા કરવામાં ૧૦૦ ટકા, એસી ચેર કારમાં ૭૫ ટકા, એસી ફર્સ્ટ અને ટુમાં ૫૦ ટકા રાહતો મળે છે. ટીબી, હાર્ટ સર્જરી, ઓરગન ટ્રાન્સપ્લાન્ટેશન જેવા દર્દીઓને પણ રાહત આપવામાં આવે છે.

## માલેગાંવ બ્લાસ્ટ : સાધ્વી પ્રજ્ઞાને રાહત

નવી દિલ્હી,તા. ૧૫

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે વર્ષ ૨૦૦૮માં માલેગાવને હચમચાવી મુકનાર બ્લાસ્ટ કેસમાં સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુર




સહિત આરોપીની અરજી પર એક મહિનાની અંદર ફેંસલો કરવા ટ્રાયલ કોર્ટને આદેશ કર્યો હતો. આની સાથે જ પ્રજ્ઞાને મોટી રાહત મળી ગઈ છે. તમામ આરોપીના જામીન અરજી પર વહેલી તકે નિર્ણય લેવા માટે કહેવામાં આવ્યુ છે. જસ્ટિસ ઈબ્રાહિમ કાલીફઉલ્લા અને શિવ કિર્તીસિંહની બનેલી બેંચે કહ્યું હતું કે, મકોકાની જોગવાઈ હેઠળ સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુર અને લેફ્ટી કર્નલ એસ પુરોહિત તથા અન્ય ચાર ખટલો ચલાવવા માટે લાયક છે તે દર્શાવે તેવા કોઈ પ્રાથમિક વિશ્વસનીય પુરાવા મળતા નથી. સ્પેશિયલ જજ દ્વારા જામીન માટે તેમની અરજી ઉપર વિચારણા થઈ શકે છે. તેના ચુકાદામાં કોર્ટે ઠેરવ્યું હતું કે, તેમની સંડોવણી અંગે માત્ર શંકા રહેલી છે. ટ્રાયલ કોર્ટને પણ એક મહિનાના ગાળાની અંદર તેમની જામીન અરજી ઉપર વિચારવા કહેવામાં આવ્યું છે. બીજી બાજુ ચુકાદામાં આ બ્લાસ્ટ કેસમાં અન્ય આરોપી રાકેશ દાવડે સામે સંડોવણીના પુરાવા મળે છે. મકોકા હેઠળ ગુનામાં સંડોવણી નજરે પડે છે. ચુકાદાના અંતે જણાવવામાં આવ્યું છે કે, રાકેશની સીધી સંડોવણી દેખાઈ આવે છે. એવા આક્ષેપ થઈ ચુક્યા છે કે, ઓર્ગેનાઈઝ્‌ડ ક્રાઈમ સાથે સાંઠગાંઠ સહિત દાવડે ઘણી ભૂમિકા ભજવી ચુક્યા છે. કોર્ટે ઝડપથી ટ્રાયલને પૂર્ણ કરવાનો આદેશ કર્યો છે. આ કેસમાં ટ્રાયલ મકોકા કોર્ટમાં હાથ ધરાશે. આરોપીઓ હાલ નાસિક સેન્ટ્રલ જેલમાં છે. ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૮ના દિવસે માલેગાંવમાં બ્લાસ્ટ થયા હતા જેમાં સાત લોકોના મોત થયા હતા. ગયા વર્ષે ૩૧મી જુલાઈના દિવસે મકોકા કોર્ટે ઠેરવ્યું હતું કે, એટીએસ દ્વારા પ્રજ્ઞા ઠાકુર, પુરોહિત અને અન્ય નવ સામે કેસમાં ખોટીરીતે મકોકા લાગૂ કર્યો છે. ૪૦૦૦ પાનાની ચાર્જશીટમાં આક્ષેપ કરાયો હતો કે, માલેગાંવની બ્લાસ્ટ માટે પસંદગી કરાઈ હતી. કારણ કે, અહીં મુસ્લિમ વસતી વધુ પ્રમાણમાં રહેલી છે. આમા પ્રજ્ઞા ઠાકુર, પુરોહિત અને અન્ય આરોપીને મુખ્ય કાવતરાખોર તરીકે ગણવામાં આવ્યા હતા. અન્ય આરોપી અજય રાહીરકરે ટેરર એક્ટ માટે નાણાની વ્યવસ્થા કરી હતી. કેસમાં જે લોકો આરોપી છે તેમાં રાકેશ દાવડે, રાકેશ ઉપાધ્યાય, શ્યામલાલ સાહૂ, શિવનારાયણ, સુધાકર ચતુર્વેદી, જગદીશ મહાત્રે, સમીર કુલકર્ણી, પ્રજ્ઞાસિંહ, લેફ્ટી કર્નલ એસ પુરોહિતનો સમાવેશ થાય છે.

## ભારતનો વૃદ્ધિદર ચીન કરતા વધારે થઈ શકે છે : અહેવાલ

નવીદિલ્હી,તા. ૧૫

દેશનો આર્થિક વિકાસ દર ૨૦૧૫-૧૬માં અપેક્ષા કરતા વધારે રહેશે આ વર્ષે ભારતનો વૃદ્ધિદર ચીન કરતા વધારે થઈ જશે. આનાથી દુનિયાના સૌથી મોટા દેશોમાં ભારત સૌથી વધુ ગ્રોથ કરનાર દેશ બની જશે. વર્ષ ૨૦૧૬માં તે આ અંતર ખુબ વધુ વધી જશે. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ અને વર્લ્ડ બેંક દ્વારા જુદા જુદા અંદાજમાં આ મુજબની વાત કરવામાં આવી છે. બંને માને છે કે, ભારતનો આર્થિક વિકાસદર ૨૦૧૬માં ચીનને પણ પછડાટ આપી દેશે. બંને માને છે કે, ૨૦૧૫માં ભારતનો વૃદ્ધિદર ૭.૫ ટકા પહોંચી શકે છે જે વર્ષ પહેલા ૭.૨ ટકા હતો. જો કે, ૨૦૧૬ માટે આઈએમએફ અને વર્લ્ડ બેંકે ગ્રોથના જુદા જુદા અંદાજ મુક્યા છે. આઈએમએફનું કહેવું છે કે, ૨૦૧૬માં ગ્રોથ રેટ ૭.૫ ટકા રહી શકે છે. બીજી બાજુ વર્લ્ડ બેંકનું કહેવું છે કે, ભારતનો વિકાસ દર આગામી વર્ષે ૭.૯ ટકા રહી શકે છે. આઈએમએફે પોતાના જાન્યુઆરીના અંદાજમાં ૨૦૧૫માં ૬.૩ ટકા અને ૨૦૧૬માં ૬.૫ ટકા ગ્રોથ માટે અંદાજ મુક્યો છે. વર્લ્ડબેંકે જાન્યુઆરી મહિનામાં ભારતનો જીડીપી ગ્રોથ આ વર્ષે ૬.૪ ટકા અને આગામી વર્ષે ૭ ટકા રહેવાની વાત કરી છે. ભારત સરકારનું કહેવું છે કે, માર્ચ ૨૦૧૬માં પૂર્ણ થનાર ફાયનાન્સિયલ વર્ષમાં જીડીપી ગ્રોથ રેટ ૮.૧૫ ટકા રહી શકે છે. ભારત સરકાર માટે આ આંકડા ખુબ સારા છે.

## સમાચાર ઝલક

- સાપુતારામાં સતત બે દિવસ બે ઈંચ વરસાદ પડયો.
- ભરૂચમાં મુખ્યમંત્રીના આગમન ટાણે ઉપવાસી ખેડૂતોને ઉંચકી હોસ્પિટલમાં દાખલ કરી દીધા.
- ગુજરાતમાં એ.ટી.એમ. લુંટવાના વધતા બનાવો.
- ટુંક સમયમાં કોઈ પણ આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ રીન્યુ કરાવી શકાશે.
- સૌરાષ્ટ્રના સીંગદાણામાંથી વિદેશી ચોકલેટ બનશે. ૧૦૦ કરોડનું રોકાણ કરાશે.
- પડધરી કોલેજના પ્રોફેસરે આચાર્યના ત્રાસથી ફિનાઈલ પીધું.
- તાતા ગ્રુપ વર્ષે પાંચ લાખ લોકોને તાલીમ આપશે.
- ૧૮૩ કાચબા સાથે મુંબઈ એરપોર્ટથી સૈયદ સિકંદર ઝડપાયો.
- એક બેંકમાં એક કરતાં વધુ બચત ખાતાં ખોલાવી શકાશે નહિ-રિઝર્વ બેંક.
- ભારતમાં ૭૬ ટકા લોકો ધાર્મિક છે. વિશ્વમાં થાઈલેન્ડમાં સૌથી વધુ ધાર્મિક લોકો રહે છે.
- સીંગાપોરની ટોચની શાળામાં પુછાયેલો ગણિતનો પ્રશ્ન વિશ્વભરના ઈન્ટરનેટ યુઝરો માટે કોયડો બની ગયો.
- બીઆરટીએસના ૧૭ બસ સ્ટેન્ડમાં બે કરોડના ખર્ચે ૮૨ ઓટો ડોર!

## રામપુર : ઘર બચાવવા ૮૦૦ વાલ્મિકી અંતે મુસ્લિમો બન્યા

રામપુર,તા. ૧૫

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી સરકારના તાકતવર નેતા આજમખાનના ગઢ રાપુરમાં પોતાના ઘરને બચાવી લેવા માટે ૮૦૦ કરતા પણ વધારે વાલ્મિકી મુસ્લિમ બની જતા ચકચાર મચી ગઈ છે. આ વાલ્મિકી લોકોએ ઈસ્લામ ધર્મ સ્વીકારી લેતા કેટલાક સમુદાયના લોકોમાં



જોરદાર નારાજગી દેખાઈ રહી છે. એક સપ્તાહ પહેલા જ આ પૈકીના કેટલાક લોકોએ કબુલાત કરી હતી કે તેમની પાસે ઘર બચાવી લેવા માટે અન્ય કોઈ વિકલ્પ નથી. આખરે બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિના પ્રસંગે તમામ લોકો મુસ્લિમ બની ગયા હતા. આ તમામ લોકોના ઘર રામપુરના તોપખાના વિસ્તારમાં બની રહેલા એક સોપિંગ મોલ સુધી આવનાર માર્ગને પહોળો કરવાના હેતુસર તોડવામાં આવનાર છે. નગર નિગમના કેટલાક અધિકારીઓએ થોડાક દિવસ પહેલા જ વાલ્મિકી વસ્તીના કેટલાક મકાનોને તોડી પાડવા માટે મકાન પર નિશાન લગાવી દીધા હતા. આ તમામ લોકોને મોડેથી એવી ખાતરી આપવામાં આવી હતી કે જો તેઓ ઈસ્લામ ધર્મ સ્વીકારી લેશે તો તેમના મકાન તોડી પાડવામાં આવશે નહી.આ તમામ લોકો છેલ્લા ચાર દિવસથી તેમના મકાનને બચાવી લેવા માટે દેખાવો કરી રહ્યા હતા. પરંતુ વહીવટી તંત્ર તરફથી કોઈ ધ્યાન આપવામાં આવ્યું ન હતુ. ગઈકાલે ઘટનાસ્થળે પહોંચેલા અધિકારીએ લેખિત ખાતરી આપવાનો ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ તમામ લોકો ઈસ્લામ ધર્મ સ્વાકારી લેવા તૈયાર થઈ ગયા હતા. લાલચ માટે ઈસ્લામ ધર્મ સ્વીકાર કરવાની બાબત ગુનાહ સમાન છે.

## વારાણસીમાં લોકોના દિલ જીતવા માટે મોદી સુસજ્જ

નવી દિલ્હી,તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના વિશ્વાસુ સાથીને લોકસભા મતવિસ્તાર વારાણસીમાં ત્યાંના લોકોના દિલ જીતી લેવાની મોટી જવાબદારી સોંપી રહ્યા છે. વારાણસીના લોકપ્રિય ગંગા ઘાટને સ્વચ્છ કરવા માટે હવે નવસારીમાંથી લોકસભાના સાંસદ સીઆર પાટીલને જવાબદારી સોંપવામાં આવી હોવાનુ જાણવા મળ્યું છે. જે કાસ કરીને ગુજરાતમાંથી આ પ્રયાસો પર નજર રાખશે અને સંકલન કરશે. પહેલાથી જ તેમના સાથી સુધાંશુ મહેતા ત્રણ મોર્ચુરી બોટ્‌સ શહેર માટે ડોનેટ કરી ચુક્યા છે.લોકપ્રિય કથાકાર મોરારી બાબુ અને નાણાંપ્રધાનઅરૂણ જેટલીએ ૨૮મી માર્ચના દિવસે વારાણસીના લોકોને બોટ સોંપી હતી. ટુક સમમાં અન્ય બોટ્‌સ પણ મોકલવામા આવનાર છે. પાટિલે કહ્યું હતું કે તેઓ મણિકર્ણિકા અને હરિશ્ચરચન્દ્ર ઘાટ પર કામ કરી ચુક્યા છે. પાટિલે કહ્યું છે કે કેટલાક અન્ય લોકો પણ છે જે અન્ય ઘાટ પર કામ કરી રહ્યા છે. અમે પ્રચાર માટે આવુ કામ કરી રહ્યા નથી પરંતુ તેની પાછળ ચોક્કસ હેતુ રહેલા છે. નરેન્દ્ર મોદીના નિર્દેશોને અમલી બનાવવામાં મુખ્ય રહેલા પાટિલે કહ્યું છે કે કોલકત્તાના ઉદ્યોગપતિ સુરેશ અગ્રવાલ અને તેમની સંસ્થા રૂપા દ્વારા પણ વારાણસીના ઘાટને વિકસિત કરવા માટે કામ કરી રહ્યા છે.

મોદીના સૌથી પ્રભાવશાળી રણનિતીકારો પૈકી એક તરીકે પાટિલને ગણવામાં આવે છે. પાટિલે મોદીના સુટના રિકોર્ડ હરાજીમાં પણ ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. આ સુટની હરાજી સુરતમાં ફેબ્રુઆરીમાં કરવામાં આવી હતી. સુત્રોએ કહ્યું છે કે પાટિલ મોદીના નિર્દેશો મુજબ વારાણસીમાં પ્રોજેક્ટમાં સામેલ થયેલા છે. ભાજપના કાર્યકરો ઘાટને ખુબસુરત બનાવવાને લઈને વધારે ઉત્સાહિત ન હતા જેથી પાટિલને મોટી જવાબદારી સોંપી દેવામાં આવી હતી.